CIVIL SERVICES (MAIN) EXAM-2022

CRNA-C-GJT

# ગુજરાતી / GUJARATI

## ( ફરજિયાત ) / ( Compulsory )

| | |
|---|---|
| સમય મર્યાદા : ત્રણ કલાક<br>Time Allowed : **Three** Hours | મહત્તમ ગુણ : **300**<br>Maximum Marks : **300** |

---

### પ્રશ્નપત્ર સંબંધી સૂચનાઓ

*પ્રશ્નના ઉત્તર આપતા પહેલાં નીચે મુજબની બધી સૂચનાઓ વાંચો:*

*બધા પ્રશ્નોના ઉત્તર આપવાના ફરજિયાત રહેશે.*

*પ્રશ્નની સામે તેના ગુણ દર્શાવવામાં આવ્યા છે.*

*પ્રશ્નના ઉત્તર ગુજરાતી ભાષામાં **(ગુજરાતી લિપિમાં)** આપવાના રહેશે.*

*જે પ્રશ્નોમાં શબ્દસંખ્યા દર્શાવવામાં આવી છે, એ જાળવવાની રહેશે. નિયત શબ્દસંખ્યા કરતાં લાંબા કે ટૂંકા ઉત્તરોના ગુણ કપાશે.*

*પ્રશ્નપત્ર અને ઉત્તરવહીનું કોઈ પણ કોરું પાનું અથવા તેનો કોરો ભાગ અચૂક છેકી નાખવો.*

### Question Paper Specific Instructions

***Please read each of the following instructions carefully before attempting questions :***

*All questions are to be attempted.*

*The number of marks carried by a question / part is indicated against it.*

*Answers must be written in **GUJARATI (Gujarati script)** unless otherwise directed in the question.*

*Word limit in questions, wherever specified, should be adhered to and if answered in much longer or shorter than the prescribed length, marks may be deducted.*

*Any page or portion of the page left blank in the Question-cum-Answer Booklet must be clearly struck off.*

---

**Q1.** **નીચેનામાંથી કોઈ એક વિશે 600 શબ્દોમાં નિબંધ લખો :** ***100***

(a) પુનઃપ્રાપ્ય ઉર્જા : શકયતાઓ અને પડકારો

(b) સંચારક્રાન્તિનું મહત્ત્વ

(c) રમત ક્ષેત્રે વધતું જતું વ્યવસાયિકરણ

(d) આહારનો સ્વાસ્થ્ય પર પ્રભાવ

**Q2.** **નીચેનો ગદ્યખંડ ધ્યાનપૂર્વક વાંચી તેને અંતે આપેલા પ્રશ્નોના સ્પષ્ટ, સાચા અને સંક્ષિપ્ત ઉત્તર આપો.** ***12×5=60***

સંસ્થાનવાદી શાસન બેહિસાબ આંકડાઓ અને માહિતીઓના સંગ્રહ પર આધારિત હતું. અંગ્રેજોએ પોતાની વ્યાવસાયિક બાબતોને ચલાવવા માટે વ્યાપારિક ગતિવિધિઓનું વિસ્તૃત વિવરણ રાખ્યું હતું. વધતાં જતાં શહેરોમાં જીવનની ગતિ અને દિશા પર નજર રાખવા માટે તેઓ નિયમિત રીતે સર્વેક્ષણ કરતા હતા, આંકડાકીય માહિતી એકત્રિત કરતા હતા અને વિભિન્ન પ્રકારના સરકારી અહેવાલો પ્રકાશિત કરતા હતા.

શરૂઆતનાં વર્ષોથી જ સંસ્થાનવાદી સરકારે નકશા તૈયાર કરવા ઉપર ખાસ ધ્યાન આપ્યું. સરકારનું માનવું હતું કે, કોઈ સ્થળની રચના અને ભૂગોળને સમજવા માટે નકશા જરૂરી હોય છે. આ જાણકારીને આધારે તેઓ ક્ષેત્રો પર વધુ સારું નિયંત્રણ સ્થાપી શકતા હતા. જયારે શહેરો વધવાં લાગ્યાં ત્યારે માત્ર તેના વિકાસની યોજના તૈયાર કરવા માટે જ નહિ પણ વ્યવસાયને વિકસિત કરવા તેમજ પોતાની સત્તા મજબૂત કરવા માટે પણ નકશા બનાવવા લાગ્યા. શહેરોના નકશાથી આપણને તે સ્થળ ઉપરની પહાડીઓ, નદીઓ અને હરિયાળીનો પરિચય મળે છે. આ બધી બાબતો સંરક્ષણ સંબંધી ઉદ્દેશોની યોજના બનાવવા માટે ખૂબ જ ઉપયોગી બને છે તદ્ઉપરાંત, ઘાટોનાં સ્થાનો, મકાનોની ગીચતા અને ગુણવત્તા તેમ જ રસ્તાઓની સ્થિતિ વગેરેથી ક્ષેત્રોની વ્યવસાયિક સંભાવનાઓની માહિતી મેળવવામાં અને કરવ્યવસ્થાની રણનીતિ બનાવવામાં મદદ મળે છે.

19મી સદીના અંતથી અંગ્રેજોએ વાર્ષિક નગરનિગમ કર વસૂલીને નગરોની જાળવણી માટે પૈસા એકત્ર કરવાના પ્રયત્નો શરૂ કરી દીધા હતા. સંઘર્ષોથી બચવા માટે તેમણે કેટલીક

જવાબદારીઓ ચૂંટાયેલા ભારતીય પ્રતિનિધિઓને સોંપી હતી. આંશિક લોકપ્રતિનિધિત્વ યુક્ત નગર નિગમ જેવી સંસ્થાઓનો હેતુ શહેરોમાં પાણીપુરવઠો, નિકાસ, માર્ગનિર્માણ અને આરોગ્ય વ્યવસ્થા જેવી અત્યંત આવશ્યક સેવાઓ ઉપલબ્ધ કરવાનો હતો. બીજી તરફ, નગર નિગમોની પ્રવૃત્તિઓથી નવા જ પ્રકારના દસ્તાવેજો પ્રાપ્ત થયા હતા જેને નગર પાલિકાના દસ્તાવેજકક્ષમાં જાળવીને રાખવામાં આવતા હતા.

શહેરોના વિસ્તાર ઉપર ધ્યાન રાખવા માટે નિયમિત રૂપે વસ્તી ગણતરી કરવામાં આવતી હતી. 19મી સદીના મધ્ય સુધી વિભિન્ન ક્ષેત્રોમાં કેટલાંક સ્થળોએ સ્થાનિક સ્તર પર વસ્તી ગણતરી થઈ ચૂકી હતી. સમગ્ર ભારતની વસ્તી ગણતરીનો પ્રથમ પ્રયત્ન 1872માં કરવામાં આવ્યો હતો. ત્યારબાદ 1881થી દર દસ વર્ષે વસ્તી ગણતરી એક નિયમિત વ્યવસ્થા બની ગઈ. ભારતમાં શહેરીકરણના અભ્યાસ માટે વસ્તી ગણતરી દ્વારા મળેલા આંકડાઓ એક મૂલ્યવાન સ્રોત છે.

જયારે આપણે આ અહેવાલોને જોઈએ છીએ ત્યારે એવું લાગે છે કે, આપણી પાસે ઐતિહાસિક પરિવર્તનના માપન માટે નક્કર માહિતી ઉપલબ્ધ છે. બીમારીઓથી થનારા મૃત્યુઓની વિગતવાર નોંધોનો અંતહીન પ્રવાહ અથવા વય, લિંગ, જાતિ અને વ્યવસાય અનુસાર વસ્તી ગણતરીની વ્યવસ્થાથી આંકડાઓનો એક વિશાળ ભંડાર પ્રાપ્ત થાય છે જેનાથી નક્કરતાનો ભ્રમ પેદા થાય છે. પરંતુ ઇતિહાસકારોએ પ્રતીત કર્યું છે કે આ આંકડાઓ ભ્રામક પણ હોય શકે છે આ આંકડાઓનો ઉપયોગ કરતા પહેલા આપણે આ હકીકતને સારી રીતે સમજી લેવી જોઈએ કે આંકડા કોણે એકત્રિત કર્યા છે, અને એને શા માટે અને કેવી રીતે એકત્ર કરવામાં આવ્યા હતા, આપણને એ પણ જાણ હોવી જોઈએ કે કઈ વસ્તુને માપવામાં આવી હતી અને કઈ વસ્તુને માપવામાં આવી નથી.

(a) સંસ્થાનવાદી શાસન ચલાવવા માટે આંકડાઓનું મહત્ત્વ શું છે ? 12

(b) સંસ્થાનવાદી શાસકો માટે નકશાઓ શા માટે મહત્ત્વપૂર્ણ હતા ? 12

(c) સંસ્થાનવાદી દસ્તાવેજોના માધ્યમથી શહેરીકરણનો અભ્યાસ કઈ રીતે કરી શકાય છે ? 12

(d) ઇતિહાસકાર આંકડાઓને હમેશા સંદેહમુક્ત કેમ નથી માનતા ? 12

(e) સંસ્થાનવાદી શાસકોની કરસંબંધિત નીતિ કઈ હતી ? 12

**Q3.** નીચેના ગદ્યખંડનું એક-તૃતીયાંશ શબ્દોમાં સંક્ષેપીકરણ તમારા શબ્દોમાં કરો. શીર્ષક આપવાની જરૂર નથી. *60*

'વિકાસ' સંજ્ઞા સામાન્ય રીતે સમાજવિશેષની સ્થિતિ અને તેના દ્વારા અનુભવાયેલાં પરિવર્તનની પ્રક્રિયાથી અભિપ્રેત છે માનવ ઇતિહાસના લાંબા ગાળામાં સમાજ અને તેની જૈવ-ભૌતિક પર્યાવરણની નિરંતર આંતરક્રિયાઓ સમાજની સ્થિતિનું નિર્ધારણ કરે છે. માનવ અને પર્યાવરણ આંતરક્રિયાની પ્રક્રિયાઓ એ બાબત પર નિર્ભર રહે છે કે સમાજે કયા પ્રકારની પ્રૌદ્યોગિકી વિકસિત કરી છે અને કેવા પ્રકારની સંસ્થાઓનું પોષણ કર્યું છે. પ્રૌદ્યોગિકી અને સંસ્થાઓએ માનવ-પર્યાવરણ આંતરક્રિયાને ગતિ પ્રદાન કરી છે તો તેનાથી ઉત્પન્ન થયેલા સંવેગે પ્રૌદ્યોગિકીના સ્તરને ઊંચું ઉઠાવ્યું છે અને અનેક સંસ્થાઓનું નિર્માણ અને રૂપાન્તરણ કર્યું છે. આમ, વિકાસ એક બહુ-આયામી સંકલ્પના છે અને અર્થવ્યવસ્થા, સમાજ તથા પર્યાવરણમાં સકારાત્મક અને ઉન્નતિકારક પરિવર્તનની દ્યોતક છે.

વિકાસની સંકલ્પના પરિવર્તનશીલ છે અને આ સંકલ્પનાનો પ્રાદુર્ભાવ 20મી સદીના ઉત્તરાર્ધમાં થયો હતો. દ્વિતીય વિશ્વયુદ્ધ પછી વિકાસની સંકલ્પના આર્થિક વૃદ્ધિનો પર્યાય હતી જેને સમયની સાથે વૃદ્ધિ પામેલ સમગ્ર રાષ્ટ્રીય ઉપજ, પ્રતિવ્યક્તિની આવક, પ્રતિવ્યક્તિની વપરાશનાં રૂપમાં માપવામાં આવે છે પરંતુ વધુ આર્થિક વૃદ્ધિવાળા દેશોમાં પણ અસમાન વિતરણને કારણે ગરીબીનું સ્તર ખૂબ જ ઝડપથી વધ્યું. એટલે 1970ના દાયકામાં 'પુનર્વિતરણ સહ વૃદ્ધિ' તથા 'વૃદ્ધિ અને સમાનતા' જેવા વાક્યાંશને વિકાસની પરિભાષામાં સામેલ કરવામાં આવ્યા. પુનર્વિતરણ અને સમાનતાના પ્રશ્નોનું સમાધાન કરતી વખતે એવો અનુભવ થયો છે કે, વિકાસની સંકલ્પનાને માત્ર આર્થિક ક્ષેત્ર સુધી જ સીમિત રાખી શકાય તેમ નથી. એમાં લોકકલ્યાણ અને રહેણાંક સ્તર, જનસ્વાસ્થ્ય, શિક્ષણ, સમાનતા અને રાજનૈતિક તથા નાગરિક અધિકારો સાથે સંબંધિત મુદ્દાઓનો પણ સમાવેશ છે 1980ના દાયકા સુધી વિકાસ એક બહુ-આયામી સંકલ્પનાના રૂપમાં ઉભરી જેમાં સમાજના તમામ લોકો માટે વિશાળ સ્તર પર સામાજિક અને ભૌતિક કલ્યાણનો સમાવેશ છે.

1960ના દાયકાના અંતમાં પશ્ચિમી વિશ્વમાં પર્યાવરણ સંબંધી મુદ્દાઓ પર વધતી જાગૃતતાની સામાન્ય વૃદ્ધિને કારણે સતત પોષણીય ધારણાનો વિકાસ થયો. તેનાથી પર્યાવરણ પર ઔદ્યોગિક વિકાસના અન-અપેક્ષિત પ્રભાવોના વિષયમાં લોકોની ચિંતા પ્રગટ થતી હતી.

પર્યાવરણના મુદ્દાઓ પર વિશ્વ સમુદાયની વધતી જતી ચિંતાને ધ્યાનમાં રાખીને સંયુક્ત રાષ્ટ્ર સંઘે વિશ્વ પર્યાવરણ અને વિકાસ આયોગ (WCED) ની સ્થાપના કરી, જેનાં પ્રમુખ નોર્વેનાં પ્રધાનમંત્રી ગરો હરલેમ બ્રંટલૈન્ડ હતાં. આ આયોગે પોતાનો અહેવાલ 'અવર કૉમન ફ્યૂચર' (જેને બ્રંટલૈન્ડ અહેવાલ પણ કહેવામાં આવે છે), 1987માં પ્રસ્તુત કર્યો. WCEDએ સતત પોષણીય વિકાસની સીધી-સરળ અને વિશાળ સ્તર પર પ્રયુક્ત પરિભાષા પ્રસ્તુત કરી. આ અહેવાલ પ્રમાણે સતત પોષણીય વિકાસનો અર્થ છે — 'એક એવો વિકાસ' જેમાં ભાવિ પેઢીઓની જરૂરિયાતોની પૂર્તિને અસર કર્યા વિના વર્તમાન પેઢી દ્વારા પોતાની જરૂરિયાતોની પૂર્તિ કરવી. (354 શબ્દો)

**Q4. નીચેના ગદ્યખંડનો અંગ્રેજીમાં અનુવાદ કરો. *20***

પ્રેમચંદે કહ્યું હતું કે, વાર્તાઓ તો ચારે બાજુ વિખરાઈને પડેલી છે, પ્રશ્ન તેને પકડવાનો છે. એવું એટલા માટે છે કે પ્રત્યેક વ્યક્તિને અને પ્રત્યેક વસ્તુને પોત-પોતાનું જીવન હોય છે, બીજા બધાથી અલગ. એને એક આરંભ, વિકાસ અને પછી અંત પણ હોય છે. દરેકની કોઈને કોઈ કથા હોય છે. જેવી રીતે એક વ્યક્તિ બીજી વ્યક્તિથી હૂ-બ-હૂ મળતી આવતી નથી તેવી જ રીતે તેની પોતાની જીવનકથા પણ બીજા સાથે મળતી આવતી નથી.

એવી કોઈ વ્યક્તિ નથી કે જે પોતાની કથા ન લખી શકે. મારી આત્મકથા મારા જીવનની કથા છે. એ માત્ર મારી કથા છે. અને જ્યાં સુધી મારું જીવન અન્યનાં જીવનને સ્પર્શે છે ત્યાં સુધી તે બીજાની પણ કથા છે, અને જ્યાં સુધી મારું જીવન એક સમય, સમાજ કે સમૂહનું પ્રતિનિધિરૂપ જીવન હોય છે ત્યાં સુધી એ સહુની કથા બની રહે છે. પ્રત્યેક વ્યક્તિનું જીવન કથામાં રૂપાન્તરણ થવા માટે યોગ્ય છે.

તમે કલમ હાથમાં લો છો અને કાગળ પર કશું લખવા લાગો છો. સૌથી સારું એ છે કે પોતાના જીવનથી શરુ કરવું જોઈએ. પોતાના વિશે, શૈશવથી પ્રારંભ કરીને અત્યાર સુધી જે જે બન્યું તે બધું. આ જ તો આત્મકથા છે. આત્મકથાની પ્રથમ શરત છે કે સાફ-સાફ સાચેસાચું કહેવું.

એના માટે પણ પ્રયત્નો જરૂરી છે. નૈતિક સાહસ જરૂરી છે. જો પૂર્ણ આત્મકથા ન લખી શકાય તો સંસ્મરણ કે રોજનીશી લખી શકાય છે. કેટલાય દિવસો-વર્ષોની રોજનીશી આત્મકથા બની જાય છે.

**Q5.** **નિમ્નલિખિત ગદ્યાંશનો ગુજરાતીમાં અનુવાદ કરો :** **20**

Socrates was one of the celebrated Greek thinkers who became very influential in the development of Greek philosophy in particular and Western philosophy in general.

Socrates tried to bring radical changes in the society. But his attempts in the social field were not accepted and appreciated by the authorities. But convinced of his principles Socrates continued his efforts. The authorities considered him as a threat to their existence and as a result he was arrested and sent to prison. Later, he was given capital punishment because he was frank and outspoken. When he received the news of the death penalty he was not at all shaken.

It confused all the officials and even Socrates' own disciples because they had never seen a person accepting the news of his death penalty with a smiling face. When asked why so, he replied, "I have been preparing for death all my life. I have never done anything wrong to any man. That is why I am able to accept even death with a smiling face."

In his use of critical reasoning, by his unwavering commitment to truth and through the vivid example of his own life, Socrates set the standard for all subsequent Western philosophy.

**Q6.** (a) **નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી, વાક્યમાં પ્રયોજો.** ***2×5=10***

(i) પાણીચું આપવું *2*

(ii) નેવાંનાં પાણીએ હાથ ધોવાં *2*

(iii) ડાબું જમણું કરવું *2*

(iv) પેંગડાંમાં પગ ઘાલવો *2*

(v) બેસવાની ડાળ કાપવી *2*

(b) **શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.** ***1×5=5***

(i) સાર્થક છે જેનું કૃત્ય તે *1*

(ii) સાવ અસંભવિત હોય તેવું *1*

(iii) ઉપર જણાવ્યા મુજબ *1*

(iv) મકાનની આધારરૂપ થાંભલી *1*

(v) ચીવટપૂર્વક કામ કરવાનો ગુણ *1*

(c) નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો આપો. *1×5=5*

(i) વક્તા *1*

(ii) અકરાંતિયો *1*

(iii) વખ *1*

(iv) ઉરુ *1*

(v) ઉષ:કાલ *1*

(d) નીચેના શબ્દોની જોડણી સુધારો. *1×5=5*

(i) પરિક્ષાર્થીની *1*

(ii) કીંકિણી *1*

(iii) પ્રતીલીપી *1*

(iv) પરબીડીયું *1*

(v) હોંશીયાર *1*

(e) નીચેના શબ્દોના સમાનાર્થી/પર્યાયવાચી શબ્દો આપો. *1×5=5*

(i) અહિ *1*

(ii) હરફ *1*

(iii) વૃથા *1*

(iv) શાળ *1*

(v) દ્વિપ *1*

(f) નીચેની કહેવતોનો અર્થ આપો. *2×5=10*

(i) ગરથ ગાંઠે ને વિદ્યા પાઠે *2*

(ii) સાપને ઘેર પરોણો સાપ *2*

(iii) પડયો પોદળો ધૂળ ઉપાડે *2*

(iv) પોથીમાંનાં રીંગણાં *2*

(v) મારે તેની તલવાર *2*